દુર્ગાદાસ વિવિધ જાતની વિડંબના અને શારીરિક યાતના ભોગવે છે. ત્યાં ઉપાર્જન કરેલા કુકૃત્યોને યાદ કરી છે. જેલની અસહ્ય વેદના વેદી પરભવમાં મહાન વેદના વેદવા માટે નરકનો મહેમાન થયો માટે જાણી લેવું અસજ્જનતા દુર્ગતિએ લઈ જાય છે.

## નં. ૩૪ દુર્જન સજ્જન થવાનું ફ

જઈ નરકમાં ઉપન્યો, ભોગવે રોરવ પીડ,
ચાલ્યા આપ ઉતાવળા, ભાંગે બહુલી રીડ.
પણ પરમાધામીએ પકડ્યા, પાછળ મારે ઘાવ.
વીંધ્યાં અંગો આકરાં, ચઢ્યા દુખના તાવ,

બનાવટી સજ્જન કૃત કર્માનુસાર નર્કમાં દોર પણ પરમાધામીઓ પાછળ દોડી પકડી સારૂં શરીર જ કરી નાખે છે.

ઉપરં સજ્જનતા ઘણી, અંદર કપટ મહાન.
વંચક પરણુતિમાં રમે, જેવું બગલા ધ્યાન,

બગ ઉપરથી શ્વેત હોય છે, પણ અભ્યન્તરમાં મ કપટી અને હિંસક હોય છે,

આવા દુર્જનોથી સજ્જન માણુસોનો પણ વિ નાશ પામે છે. દુર્જનો સજ્જનની સરલતા એવં ધાર્મિ ઉપર કલંક સ્વરૂપ છે દેશ, સમાજ, અને ધર્મમાં વિદ્રોહ કરે છે.

દુર્જનો સ્વ પરના ઘાતક થઇ ઘણા દુખો અનુભ



## નં. ૩૫ આડી જીભ વાપરનાર

સહાય આપે માનવી, દીનની રાખે લાજ.
વચ્ચે પડી તે કૂદતો, રોકે પરની પાજ,
દયા દાન નહી માનતો, કરતો નહિ લગાર;
એમ કહે કરનારને, કરશો નહીં લગાર;

ગરીબોને કોઈ માણુસ મદદ આપે અથવા શાતા પજાવે તો વચ્ચે ખોટી દલાલી કરીને અટકાવી દે, ર્મકાર્યમાં જે કોઇ ધનનો સદુપયોગ કરતાં હોય તો આવા ાડી જીભ વાપરવાવાળાનું પેટ દુખી આવે અને અન્તરાય મનો અનુભાગી થાય.

## શા માટે આપો છો. !

શિવલાલ દુકાનથી ઘેર આવે છે. માર્ગમાં મિઠાઇની ાન પર કોઇ ભાગ્યવાન ગરીબોને ખાવાનું અન્નદાન ાપે છે, શિવલાલભાઇએ જોયું, અને એની છાતી ધડકવા ાગી અને એ બોલ્યો કે ઓ સાહેબજી ! આ શું કરો ો ! આ ગરીબોને શા માટે આપો છો, આમ તમારે ા કાંઇ મફતમાં આવે છે આમ શિવલાલભાઇ બોલવા ાગ્યો. પણ શેઠ તો મોન રહ્યા.

ઉત્તર નહી મળવાથી સુસ્ત થઇ શિવલાલભાઈ ઘેર આવ્યા, જમવા બેઠા પણ રોટલી ભાવે નહીં ત્યારે ાની પત્ની બોલ્યાં, કે

આજે તમારૂ મોઢું કેમ ઉતરી ગયું છે. કાંઇ નુકશાન ું અથવા સ્વાસ્થ્ય ખરાબ છે. બોલતા કેમ નથી !

કેમ હાથથી કાંઈ પડ્યુ; અથવા કોઈ ને દીન.
કામિનિ પૂછે કંથને, કેમ થયા ગમગીન.

આજે કાંઈ હાથથી પડી ગયું અથવા કો
આપી દીધું, વાત શું છે. આમ સુસ્ત કેમ બેઠા
શિવલાલભાઈ ઉત્તર આપે છે.

નહીં હાથથી કોઈ પડ્યું, નહી કોઈ ને દીન
દેતાં દેખ્યા શેઠને, માટે મન થયા મલીન.

નથી કોઇ પડ્યું .અને નથી કોઇને આપ્યું પણ બી
ના પાડ્યા પછી પણ દેતાં જોઈ આમ મલીન થયો
શિવલાલભાઈ એમ અન્તરાય કર્મ બાંધી મહાનરકાવાસ
ઉત્પન્ન થાય છે.

## નં, ૩૬ આડી જીભ વાપરવા વાળાની ગતિ

જઈ નરકમાં નિકળ્યો. પડ્યો દુખો માંય.
પરમાધામી તેહને, પકડી પછાડે ત્યાંય.
પાડી એને પાટુએ, દઈ ઘણેરા માર,
ઠોક્યા ખીલા મુખમાં વીંધ્યો આરો પાર

ત્યાં પરમાધામીઓ પછાડી પાડી તીક્ષ્ણ તલવા
જીભને વીંધે છે. અને મહાયાતનાઓ આપે છે.

અલિએહિં વંચસિ તયા કૂડક્કયમાઈએહિ મુદ્ધજણ
પેસુંન્નાઈણિ કરેસિ હરિસિઓ પલવસિ ઈયાણિં ॥ ૧

તે વખતે ખોટાં વચન બોલી; કૂટકપટ કરી ભો
લોકને છેતરીને હર્ષ પામતો; ચાડીચુગલી કરતો; અ
હવે શા માટે પ્રલાપ કરે છે ? ૧૭૧ —શ્રી ભવ ભાવ

લાંચલેનાર અને અન્યાય કરનારની ગતિ.



# નં. ૩૭ લાંચ લેનાર

લાચ લુંચ ખાધી ઘણી, રાખ્યા ખોટા તાજ.
લાંચ વિણુ નહી બોલતો, લેવામાં નહી લાજ.
ઠેર-ઠેર લેવાય છે, રાજ્યમાં પણ છે લાંચ.
લાંચી નર તે નાચતો, ભેગી કરતો આંચ.

લાંચ લેનાર પોતાના ધ્યેયને ભુલી દેશ, સમાજ અને ધર્મનો
ી થાય છે. ફર્જનો ગુનેગાર થાય છે. બીજાને તો છેતરે
ણુ તેથી વધુ સ્વયં છેતરાય છે. પવિત્ર માનવ દેહને
નામ કરે છે. જ્યાં જોઈએ ત્યાં લાંચ, લાંચ વગરનું કોઇ
ળ નથી. મહા નૈતિક પતન-અધોગતિ લઇ જાય છે.

# કીર્તિકાકાની કરામત

કીર્તિ કાકા, બહુ સીધા માણુસ, પોતાના કામથી
મ કરે પણુ હતા બુદ્ધિશાળી, એક દિવસની વાત છે. કોઈ
ર્યવશ રાજ્યમાં જવું પડયું ત્યાં તો ચપરાસી અન્દર
આવવા નહી દે.

અલ્યા એ ? મ્હારે અન્દર જવું છે. ચપરાસી બોલ્યો
ારે ચા પાણી....સમજી ગયા ને કાકા. કાકા બોલ્યા ઠીક
ારે લે આ એક રૂપિયો આપું છું.

આગળ વધ્યા કે કલાર્ક (કારકુન) મળ્યો. કેમ કાકા તમારૂં
મ સહુથી પહેલાં કરી આપું, માત્ર દશનું નોટ આપો,
બિચારા કાકાએ દશ રૂપિયા આપ્યા અને આગળ વધ્યા
ારે બધાએ લાંચ માગવા માંડયા.

કીર્તિકાકાએ હવે વાણીયા બુદ્ધિ વાપરી અને નિશાની વાળી નોટ આપીને બધાયને પકડાવી દીધા. લાંચ લેનારો નોકરીથી દૂર કરવામાં આવ્યા. અને અવિશ્વાસના પાત્ર બન્યા માટે લાંચ લેનાર નિશ્ચય દુર્ગતિ પામે છે.

લાંચ લઈ દુઃખ ભોગવે, કરે સ્થાન બદનામ.
સુશિલ કહે તે માનવી, પામે નરકનું ધામ.

## નં.૩૮ લાંચ લેનારની ગતિ

જઈ નરકમાં નિકળ્યો પડયા માથે ઘણના ઘાવ.
ઘણના ધમકારે ધ્રુજીયા, લાંચ લેવા તણો પ્રભાવ.
ખીલા ઠોકયા અંગમાં, જમીન સરસો સોય.
પરમાધામી એમની, કરે કુંડી સોય.

લાંચ લેનારની ત્યાં નવકાવાસમાં શું દશા થાય છે. ઘણના ધમકારે ભય પામે છે. અસહ્ય મારની વેદના વેદે છે.

## અન્યાઈ અકખોઈ રાઠોડ

ત્યાર પછી તે અકખોઇ રાઠોડ; એકાદિ વૈદ્યોથી મૂકાયેલો પરિવારથી ત્યજાએલો, ઓષધ ભૈષજ્યથી કંટાળેલો, સોળ મહારોગથી ઘેરાયેલો, રાજ્ય, રાષ્ટ્ર યાવત અંતઃપુરમાં મૂર્છિત થયેલો, રાજ્ય અને રાષ્ટ્રની ઇચ્છા કરતો; પ્રાર્થના કરતો અભિલષતો, મનથી દુઃખિત થતો, દેહથી દુઃખી થતો અને ઈન્દ્રિયોથી વશાર્ત એવો તે અઢીસો વર્ષનું આયુષ્ય પાળી કાલ કરી મરીને આ રત્નપ્રભા નરકને વિશે; ઉત્કૃષ્ટ સાગરોપમની સ્થિતિવાળા નરકોમાં નારકીપણે ઉત્પન્ન થયો.

—શ્રી વિપાકસૂ



## નં. ૩૯ અન્યાય કરનારો

ન્યાય અન્યાય ન દેખતો, પગ પર કરતો ઘાવ.
રીબાવ્યા બીચારોને ઘણા; ધન હરણના ભાવ.
સાચાં ખોટાં પારખી; દીધી ગાળો તામ.
જેમ તેમ દેખાડતા, હેતો ખોટો લાભ.

અન્યાઈ માણસ સાત્વિક વૃત્તિ છોડી સ્વાર્થવશ અન્યાયના પર અગ્રેસર થાય છે. પોતાનું અમુલ્ય જીવન એક રમકડું તોડી નાખે છે. નૈતિક પતનમાં ખોટાં કર્મો ઉપાર્જે છે. અન્યાયને આંગણે ન્યાય તોડી નાખે છે. મહાબળી રાવણ નંદ અને કોરવો જેવા પણ અન્યાયના અપયશ પામીને પરાભવોને અનુભવ્યા. છે.

## ચિત્તસેન

દ્રાવતીમાં ચિત્તસેન રાજા રાજ્ય કરતો હતો. તે અન્યાઈ ગરીબોનો દુશ્મન અને પ્રજાનો ઘાત કરનારો

વિદ્યા ગુરુ ચંદ્રશેખરે રાજાને ન્યાય માર્ગ પર માટે ઘણાં પ્રયત્નો કર્યા પણ સર્વ વ્યર્થ ગયા, એક ગુરુએ રાજાને અન્યાયથી અટકાવ્યા તો નિર્દય હત્યા કરીને અન્યાયી થયો.

પ્રજા ઉપર પણ ઘણો અન્યાય કરી અન્તસમય ધી કઠોર કર્મો ઉપાર્જન કરી નરકનો વાસી થયો.

શુદ્ધ માર્ગને છોડીને, અવળે માર્ગ જે
સુશિલ કહે તે પ્રાણીયા જાય રૌરવ નરકમાં

અન્યાયની આંખો ઉપર પડી રહે છે. તેને માર્ગ દેખાતો જ નથી. રાત દિવસ નવા કર્મો બાંધ છે. તેને ઉપદેશ પણ અમૃતના બદલે વિષતુલ્ય છે. માટે અન્યાય માર્ગ આત્માને દુર્ગતિ લઈ જા

## નં. ૪૦ અન્યાયનું ફળ

જઇ નરકમાં ઉપન્યો, પરમાધામીને ધામ,
બાંધી તરૂએ લટકાવીયો, નાખ્યો ફાંસો તામ,
માર મારીને મારીયો, ઉપર ગદ્ધાના દંડ,
સાચા ખોટા ન પારખ્યા, અહીં મળ્યા તે સં

શ્રીભવભાવનાની ગાથા ૧૭૪, ૧૭૫, ૧૭૬ પ્રમાણે લખેલ છે.

વળી (જ્યારે કોઇ તને સમજાવતા ત્યારે ચીડા બકતો હતો કે) સાતમીથી વધારે તો બીજી કોઇ આઠમી ભૂમિ તો નથી ને? આ પ્રમાણે જે તેં કૂડ ઉત્તરો હવે શા માટે ખિન્ન થાય છે! ॥૧૭૪॥ ઇત્યાદિ ણાથી સમ્યક્દષ્ટિ જીવો અશુભ કર્મોને ખપાવીને મ રાજભુવનાદિમાં ઉત્પન્ન થાય છે. અને અનુક્રમે શિ છે.॥૧૭૫.॥ બીજા પરસ્પર કલહભાવ રાખીને તિર્યંચ ભવ ભ્રમણ કરતાં સંસારમાં ભટકે છે. ॥૧૭૬॥

—શ્રી ભવ

દ્યુતં ચ માંસં સુરા ચ વેશ્યા, પાપાર્દ્ધીચૌર્યે પરદા
એતાનિ સપ્ત વ્યસનાનિ લોકે ઘોરાતિઘોરં નરકં

જુગાર, માંસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી; પર એવા એ સાત વ્યસનો જીવને ભયંકર નરકમાં લઈ



અનર્ગલ બોલનાર તથા ચારી રાત્રી ખાનારની